# જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત કેનેડિયન નેતાઓએ કરેલા 'ખાલિસ્તાન' ના સૂત્રોચ્ચારનો ભારતે સખત વિરોધ નોંધાવ્યો

29 એપ્રિલ, 2024

કેનેડાના વડા પ્રધાને વ્યક્તિગત રીતે સંબોધિત કરેલા એક કાર્યક્રમમાં 'ખાલિસ્તાન' પર અલગાવવાદી સૂત્રોચ્ચાર કરવાના સંદર્ભમાં કેનેડાના ડેપ્યુટી હાઈ કમિશનરને આજે વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા..

ભારત સરકાર દ્વારા ઊંડી ચિંતા અને ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે કાર્યક્રમમાં આવી અરાજક પ્રવૃત્તિઓને વિના રોકટોક ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. કેનેડામાં અલગાવવાદ, ઉગ્રવાદ અને હિંસાને જે રાજકીય સંરક્ષણ આપવામાં આવી છે તે ફરી એકવાર આ દર્શાવે છે. તેમના આવા સતત પ્રયાસો માત્ર ભારત-કેનેડા સંબંધોને જ અસર કરે છે તેવું નથી, પણ કેનેડામાં હિંસા અને ગુનાખોરીના વાતાવરણને પોષીને તે તેના પોતાના નાગરિકોને નુકસાન પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

**નવી દિલ્હી**
**29 એપ્રિલ, 2024**